# હાટકેશ પરિવારમાં બાંધકામ રોકવાની અરજી કોર્ટે ફગાવી

## અદાલતે ટાંક્યું, બહોળા વર્ગના શ્રદ્ધાળુઓનાં હિતને નુકશાન ન કરાય

મહેસાણા, તા. ૨૦

વડનગર ખાતેના હાટકેશ્વર મહાદેવમાં અગાઉ પૂજાકાર્ય કરનાર જયંતભાઇ કાન્તિલાલ પંડ્યા અને પૂર્વ છડીદાર દશરથભાઇ પટેલે વડનગર સિવિલ કોર્ટમાં દાવા કરી હાટકેશ્વર પરિસરમાં ચાલતું કામ અટકાવવા મનાઇ હૂકમ માંગ્યો હતો. સુનાવણી દરમિયાન વડનગર કોર્ટના પ્રિન્સિપલ સિવિલ જજે બંને પક્ષકારોને સાંભળ્યા હતા અને મનાઇ હુકમ માટેની અરજી નામંજૂર કરી હતી.

અદાલતે આપેલા ચુકાદામાં ટાંકવામાં આવ્યું હતું કે કામચલાઉ મનાઇ હુકમ આપવામાં આવે તો ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાટકેશ્વર મંદિરમાં બહોળા વર્ગના લોકો એ શ્રદ્ધાળુઓનાં હિતાર્થે ચાલતી પ્રવૃત્તિ અટકી જાય તેમ છે. અરજદારે હાટકેશ્વર મંદિરના ટ્રસ્ટીઓ નિખિલ વ્યાસ, જવાહર મહેતા ઉપરાંત વડનગર પાલિકાના ચીફ ઓફિસરને પ્રતિવાદી બનાવ્યા હતા. વડનગરના પ્રાચીન હાટકેશ્વર મંદિર પરિસરમાં ચાલતાં વિકાસ કાર્યો પર રોક લગાવવાની અરજી પ્રિન્સિપાલ સિવિલ જજે ફગાવી દેતાં ચાલતા બાંધકામનો અવરોધ દૂર થયો છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં કરોડોના પ્લાન્ટનું ઉદ્‌ઘાટન થયું

પ્રાંતિજ નજીકના ગલેસરા ગામે એરીસન પ્લાનનું ઉદઘાટન ગૃહ રાજય મંત્રી રજનીભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પ્લાન્ટ ના ચેરમેન એમ.ડી. મલેકા સી.ઓ.એસ. પર્યુમરેડી એ ઉત્પાદકતા રોજગારીનો ખ્યાલ આપ્યો હતો.

## ડીસા નગરપાલિકાના ૭ સભ્યોને ભાજપે હાંકી કાઢયા

ડીસા, તા. ૨૦

ડીસા નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી અંગેના વ્હીપનો અનાદર કરી પાર્ટી વિરૂધ્ધ મતદાન કરનાર સાત સભ્યોને ભાજપે કાઢી મુકયા છે.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડીયા સેલના કન્વીનર ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું છે કે ડીસા નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી અંગેના વ્હીપનો અનાદર કરી પાર્ટી વિરુધ્ધ મતદાન કરવા બદલ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ આજ રોજ ડીસા નગરપાલિકા ના ૭ સભ્યોને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કર્યા છે. જેમાં જયોત્સનાબેન સોમાભાઈ દરજી, પ્રફુલ્લચંદ લહેરચંદ શાહ, રાજશ્રીબેન વિનાયકભાઈ દવે, જયંતિલાલ મગનજી ઠાકોર, દેવચંદભાઈ રામચંદભાઈ સોલંકી, જીતેન્દ્રકુમાર જયંતિલાલ વાઘેલા અને હંસાબેન બાલસીંગ ઠાકોરનો સમાવેશ થાય છે.

## મહેસાણામાં તસ્કરો અને ઘરફોડીયા બેફામ : કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે

મહેસાણા, તા. ૨૦

મહેસાણા શહેર સહિત તાલુકાના વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી તસ્કરોએ ભારે ઉપાડો લેતાં છાશવારે ઘરફોડ તેમજ અન્ય ચોરીઓના બનાવો બની રહ્યા હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

મહેસાણા ખાતે દેવભૂમિ બંગ્લોઝ ઉમિયા ટાઉનશીપમાં રહેતા નિરંજનાબેન જીતેન્દ્રભાઈ બારોટના બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડીને કોઈ હરામખોરોએ અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદરથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૨,૨૭,૦૦૦ની મત્તાની ચોરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. તાજેતરમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલ કેટલાક મકાનોને પણ તસ્કરોએ નિશાન બનાવી લાખો રૂપિયાની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી હોવાના કિસ્સાઓ બન્યા હતા. જિલ્લા મથક એવા મહેસાણા શહેરમાં એ.બી. અને તાલુકા પોલીસ સ્ટેશનોની હદ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે તસ્કરો ચોરી કરી રહ્યા હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

## દિવાળી ટાણે મહેસાણાના બજારોમાં નરમી

મહેસાણા, તા. ૨૦

દિવાળીના આડે હવે માંડ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બજારોમાં લોકોની ખરીદીનો માહોલ ઠંડો જણાતાં દિવાળીના તહેવારો નિરસ બન્યા છે.

આજે વાઘબારસથી દિપાવલીના શુભ પર્વનો પ્રારંભ થયો છે. અને દિવાળીના આડે બે દિવસ બાકી છે ત્યારે મહેસાણા જિલ્લાના બજારોમાં ખરીદીના અભાવે મંદીનો માહોલ જણાય છે. ચાલુ વર્ષે ફટાકડાના ભાવમાં ૨૦થી ૨૫ ટકા સુધીનો વધારો થયેલ છે. આ સાથે માવાની મીઠાઈ, ફરસાણ, કપડાં, મકાનના રંગરોગાન માટે કલર મટીરીયલ્સ, પગરખાં, અવનવી મીઠાઈઓ, ઈલેકટ્રોનિક્સની ચીજવસ્તુઓ, રાચરચીલુ વગેરેના ભાવો પણ ખાસ્સા વધી ગયા છે. આવી સ્થિતિમાં ચાલુ વર્ષે ચોમાસુ વરસાદ મોડેથી થતાં ચોમાસુ ખરીફ પાકોના વાવેતરો ઓછા થયા છે અને ખેડૂતો માટે વર્ષ એકંદરે નિષ્ફળ ગયું છે. એટલે તહેવારોની ઉજવણી માટે આમ જનતામાં ઉત્સાહ કે ઉંમગ જણાતો નથી. વધુમાં કારમી મોંઘવારીના લીધે જીવન જરૂરિયાતની ચીજોના ભાવ પણ ઉંચો છે. આથી બજારોમાં પાંખી ઘરાકી જોવા મળે છે.

બીજુ શિયાળુ રવિપાકોની વાવણીનો પ્રારંભ થયો હોઈ ખેડૂતવર્ગ જીરૂ, રાયડો સહિતના પાકોના વાવેતરો કરવામાં પરોવાયા છે. સરકારી નોકરીયાતોને દિવાળી વેકેશન પગલે નથી આવી પરિસ્થિતિમાં દિપાવલીના પર્વનો રંગ ફિક્કો પડી ગયો છે.

## પ્રાંતિજના ભૈરવનાથ મંદિરે કાળી ચૌદસે હોમ-હવન યોજાશે

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ સ્થિત ભૈરવનાથ મંદિર ખાતે આગામી ૨૨મી ઓકટોબર-૨૦૧૪ને બુધવારના રોજ કાળીચૌદસ નિમિત્તે હવન અને પૂજાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

પ્રાંતિજમાં માર્કંડેશ્વર મંદિર પાસે આવેલ ભૈરવનાથ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ કાળી ચૌદસ નિમિત્તે પરંપરાગત હવન પૂજા યોજાશે. સાંજે પૂજન વિધિ રાત્રે ૧૧.૩૦ કલાકે શ્રીફળ હોમ તેમજ ૧૧.૪૫ કલાકે મહાઆરતી યોજાશે. હવન પૂજામાં દર્શનનો લાભ લઈ હજારો ભાવિકો ધન્યતા અનુભવશે. આ માટે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નિત્યાનંદ બ્રહ્મભટ્ટ અને અન્ય ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા પુરતી તૈયારીઓ કરવામાં આવી છે.

## પ્રાંતિજમાં દિવાળી પૂર્વે સ્ટેટબેંક દ્વારા નવી નોટો અને પરચુરણનું વિતરણ કરાયું



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૦

તહેવારોના માહોલમાં બજારોમાં તેજી દેખાઈ રહી છે અને ગ્રાહકોની ભીડ પણ જામી રહી છે ત્યારે બજારમાં વેપારીઓ પાસે પરચુરણ માટે ભારે મુસીબત ઉભી થતી હોય છે.

પ્રાંતિજ સ્થિત નાની ભાગોળ વિસ્તારમાં આવેલ સ્ટેટ બેંક દ્વારા વેપારીઓ અને ગ્રાહકો માટે ખાસ પરચુરણ આપવાની વ્યવસ્થા કરી આપી હતી. જેથી ગ્રાહકો અને વેપારીઓમાં આનંદ જોવા મળ્યો હતો.

પ્રાંતિજ શહેરમાં આવેલ સ્ટેટબેંકની મુખ્ય શાખા દ્વારા પ્રાંતિજના બજારના વેપારીઓ તેમજ ગ્રાહકોને તહેવારોમાં પરચુરણ સહેલાઈથી મળી રહે તે માટે એક દિવસ અગાઉ વેપારીઓ અને ગ્રાહકોને રૂ. ૮૦૦ માટેની પરચુરણ માટેની કુપનો આપવામાં આવી હતી. જ્યારે બીજા દિવસે બેંકમાંથી કુપનના આધારે રૂ. ૮૦૦ ની એટલે કે રૂ. ૫ ના ૧૦૦ તથા રૂ. ૩૦૦ના ૧ રૂપિયાના સિક્કા આપવામાં આવ્યા હતા. ઉપરાંત પરચુરણની સાથે રૂ. ૧૦ અને રૂ. ૫૦ ની નવી નોટોના બંડલ પણ આપવામાં આવ્યા હતા. બેંકના મેનેજર એચ.કે. શાહ, કેશ ઓફિસર આઈ.કે. ત્રિવેદી, હિંમતસિંહ રાઠોડ, દિલીપભાઈ મોદી વગેરેએ દિવાળી પૂર્વે નવી નોટો અને પરચુરણનું વિતરણ કરાતા ગ્રાહકોમાં સંતોષ જોવા મળ્યો હતો.

## મોટી દાઉ પાસે છકડાની ટકકરે આધેડનું મોત

ઊંઝા, તા. ૨૦

મહેસાણા-ઊંઝા-ધોરી માર્ગ પર મોટી દાઉ પાસે રસ્તો ઓળંગી રહેલ એક આધેડ વ્યકિતને છકડાએ અડફેટે લેતા તેમનું કરૂણ મોત નિપજયું હતું.

મહેસાણા તાલુકાના મોટી દાઉ ગામના ચીમનભાઈ અમથાભાઈ પટેલ ઉ.વ. ૬૫ હાઈવે પર માર્ગ ઓળંગી રહ્યા હતા ત્યારે માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થતા એક છકડાના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને આધેડને અડફેટે લીધા હતા. પરિણામે આધેડને શરીરે ઈજાઓ થતા લોહી લુહાણ હાલતમાં કરૂણ નિપજયું હતું. આ અકસ્માત અંગે મહેસાણા તાલુકા પોલીસે છકડા ચાલક વિરુધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાસણા ગામે પ્રાઈમસ ફાટતા મહિલાનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્માના વાસણા ગામે એક મકાનમાં પ્રાઈમસ ફાટતા એક મહિલાનું શરીરે દાઝી જતા કરૂણ મોત નિપજ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના વાસણા ગામે આજે સવારે પોતાના રહેણાંક મકાનમાં પ્રિયંકાબેન અરવિંદભાઈ મકવાણા નામની મહિલા રસોડામાં રસોઈ બનાવતી હતી ત્યારે અચાનક જ પ્રાઈમસ ફાટતા મહિલા ગંભીર રીતે દાઝી જતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ખેડબ્રહ્મા પોલીસમાં અરવિંદભાઈ ભેમાભાઈ મકવાણાએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. ઈસરાની ચલાવી રહ્યા છે.

## શામળાજી પોલીસની સતર્કતાથી ૩૩ લાખનો વિદેશી દારૂ જપ્ત



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીથી ૩ કિલોમીટરના અંતરે આવેલી રતનપુર ચેકપોસ્ટ ગુજરાત રાજ્યમાં રાજસ્થાન, હરિયાણા તેમજ પંજાબ રાજ્યના બુટલેગરો માટે વિદેશી દારૂ ઘુસાડવા માટે ખુબ જ જાણીતી છે. તેમાં પણ તહેવારોના સમયે બહારના રાજ્યોમાંથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુસાડવાનો સતત પ્રયત્નશીલ બુટલેગરો સક્રિય થઈ જાય છે.

શામળાજી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ તેમજ પોસઈ એ.કે. વાળા દ્વારા તા. ૧૯-૧૦-૨૦૧૪ના રોજ નેશનલ હા. નં. ૮ ની નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી ૩૩ લાકનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળેલી છે. પ્રતિબંધિત વિસ્તારમાં પાસ પરમિટ વિનાનો વિદેશી દારૂ ટ્રક નં. પી.બી.-૦૬-એફ-૨૩૨૩ની રોજિંદી પ્રક્રિયા પોલીસ ચેકિંગ દરમ્યાન તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બિયરની વિવિધ બ્રાન્ડની કુલ ૧૨૪૨ પેટીઓમાંથી બોટલ ટીન નંગ ૨૮૦૮૦ મળી આવી હતી. જેની કુલ કિંમત ૩૩,૨૬,૪૦૦ થવા જાય છે. તેમજ ટ્રકની કિંમત ૧૦ લાખ રૂપિયા તથા રોકડ રકમ ૨૦૦૦, તાડપત્રી નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦ તથા રસ્સી નંગ ૧ રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૪૩,૨૯,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી શામળાજી પોસઈ એ.કે. વાળાએ ફરિયાદ નોંધી આરોપી અમરીકસીંગ એચ. જાટ (રહે. મલ્લાહ પંજાબ), ગુરપ્રિતસીંગ જે. શીખ (રહે. મલ્લાર પંજાબ)ની અટકાયત કરી હતી. જ્યારે આરોપી મહીન્દ્રસિંગ જે અમૃતસર બાજુનો છે તેની તપાસ ચાલુ છે. ઉપરોક્ત ધરપકડ અનુસંધાને શામળાજી પોસઈ એ.કે. વાળાએ ૧૯-૧૦-૧૪ ના રોજ શામળાજી પાલિકા મથકેફ.ગુ.ર.નં. ૫૨૧૬/૧૪થી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧) બી, ૬૬(અ), (બ) ૧૧૬ બી ૮૧,૮૩ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.



## મોડાસા શહેરના બજારોમાં દિવાળી હોવાના કારણે માનવ મહેરામણ ઉમટ્યા

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં આમ તો અત્યાર સુધી મંદિનો માહોલ જોવા મળતો હતો તેમજ મોડાસાના વેપારીઓને દિવાળીની આવક શરૂ ન થતાં ચિંતાની લહેર ફેલાઈ ગઈ હતી. અને વેપારીઓનો માલ-સ્ટોક તેમજ બજારોમાંથી ગ્રાહકો અદશ્ય હોવાથી લાખો રૂપિયાનું વેપારમાં નુકશાન જવાનો ભય સેવાઈ રહ્યો હતો. પરંતુ દિવાળીના તહેવારને આડે ફક્ત ૩ જ દિવસ બાકી હોવાથી આજે મોડાસા શહેરના બજારો ગ્રાહકોથી છલકાઈ ગયા હતા. મોડાસા શહેરમાં આવેલી વિવિધ કપડાના શૉ રૂમ તેમજ ફટાકડાના વેપારીઓને ત્યાં ખુબ મોટી સંખ્યામાં ખરીદી કરતા નજરે પડતા હતા. દિવાળી એ હિન્દુઓનો ખુબ જ મહત્વનો તહેવાર હોવાથી તેમજ હિંદુ ધર્મ પ્રમાણે વર્ષનો છેલ્લો દિવસ હોવાથી આ દિવસે લોકો પોતાના વર્ષના છેલ્લા દિવસને ખૂબ જ ધામધૂમપૂર્વક મનાવી નવા વર્ષનું આગમન કરવા માટે નવા કપડા પહેરી, રહેણાંકોને રોશનીથી શણગારી નવા વર્ષને વધાવવા માટે ખુબ જ આતુર જોવા મળે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

## આંગણવાડીઓના આહારનો રિપોર્ટ મોબાઈલ પર મળશે

અમદાવાદ, તા. ૨૦

આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા દૂધ અને પૌષ્ટિક આહારની માહિતી હવે મોબાઈલ ફોનથી મળી શકે તેવું આયોજન સેવાસદને હાથ ધર્યું છે. શહેરમાં ૩૦૩ આંગણવાડીઓ આવેલી છે અને તે કેન્દ્રોનો ૨૫ હજાર બાળકો લાભ લઈ રહ્યા છે. આ બાળકોને હાલમાં અઠવાડિયામાં બે દિવસ મિલ્ક, ફ્રુટ, લાડુ આપવામાં આવે છે. શહેરમાં ગરીબી રેખા હેઠળ જીવતાં ઝુપડપટ્ટી-સ્લમ વિસ્તારના આર્થિક-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેવાં કુટુંબોને આઈસીડીએસ સેવાનો લાભ આપવામાં આવે છે તે નોંધનીય છે.

સેવાસદનના આઈસીડીએસ ઘટક-૧ અને ૨ અંતરગ્ત આંગણવાડીઓનું સંચાલન કરવામાં આવે છે. આ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રો મારફતે ૦ થી ૬ વર્ષની વયજૂથના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને પ્રોટીન કેલરીયુક્ત અને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. સરકાર દ્વારા મળતી ગ્રાન્ટ અને અન્ય સાધનસામગ્રીનો હિસાબ સહિતની કામગીરી હાલમાં મેન્યુઅલ ધોરણે કરવામાં આવી રહી છે. જેના કારણે, બાળકોને કેટલું દૂધ અપાયું અને કયો ખોરાક કેટલો અપાયો તેની નોંધ સંબંધિત રજિસ્ટરમાં કરવામાં આવે છે. આ મેન્યુઅલ કાર્યવાહીના કારણે રેકર્ડ જ્યારે સંબંધિત અધિકારી માગે ત્યારે રજિસ્ટરના આંકડા જ બતાવવા પડે છે. આ કાર્યવાહીમાં વિલંબ થાય છે અને અધિકારીઓને ક્રોસ ચેક કરવાનો સમય મળતો નથી. જેથી, મ્યુનિસિપલ કમિશ્નરે આંગણવાડીઓ માટે મોબાઈલ સોફટવેર બનાવવાનો અંગૂલીનરિદેશન આપ્યો હતો અને તેના આધારે ઈડીપી વિભાગે મોબાઈલ સોફ્ટવેર બનાવવા માટે એજન્સીને નિયુક્ત કરવાની કવાયત કરી હતી.

## મ્યુનિ.હોસ્પિટલોમાં નિષ્ણાંત ડોકટર રાખવા ઉગ્ર માંગણી

શહેરમાં હાલ દિવાળીના તહેવારની શરૂઆત થઈ ગઈ છે ત્યારે બધા લોકો પોતાની રજાઓના મુડમાં હોય છે. બધા બહારગામ જવા માટેનો પ્રોગ્રામ પણ બનાવી દે છે. તેમાં ડોક્ટરો પણ રજાના મુડમાં હોય છે તેમજ લોકો રજા માણવા બહારગામથી પણ આવન-જાવન કરતાં હોય છે ત્યારે વિરોધપક્ષના નેતાએ રજાઓના દિવસો દરમ્યાન મ્યુનિસિપલ હોસ્પિટલોમાં નિષ્ણાંત ડોક્ટર તથા દવાઓ ઉપલબ્ધ રાખવાની માંગ કરી છે. અમદાવાદ શહેરમાં આજરોજથી લાભપાંચમ સુધીના દિવસો દિવાળી તહેવારાન દિવસો હોવાથી શહેરમાં પ્રાઈવેટ હોસ્પિટલ તથા ખાનગી દવાખાનાઓ મોટાભાગના ડોક્ટરો બહારગામ જતા હોય છે હોસ્પિટલ બંધ હોય છે. તે સમય દરમ્યાન દર્દીને કોઈ સારવારની જરૂર પડે ત્યારે ઘણી મુશ્કેલી ઉભી થાય છે અને દર્દીના પરિવારજનો ખૂબ જ હાડમારીમાં મુકાઈ જાય છે ત્યારે મ્યુનિસિપલ હોસ્પિટલમાં આ દિવસો દરમ્યાન દર્દીઓનો વિશેષ ઘસારો થતો હોય છે.

આ સંજોગોમાં મ્યુનિસિપલ દર્દીને તાકીદે સારવાર મળી રહે તે માટે નિષ્ણાંત ડોક્ટર તથા અસરકારક જરૂરી એવી દવાઓ ઉપલબ્ધ રાખવાની આવશ્યકતા છે અને કોઈ રોગના દર્દી આવે તો દર્દીઓને સારવાર તાકીદે ઉપલબ્ધ થઈ શકે તે માટે રજાના દિવસો મ્યુનિસિપલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર તથા અસરકારક જરૂરી એળી દવાઓ ઉપલબ્ધ રાખવી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્‌ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ

(૨) સર્વિસ ગ્રીસીંગ

(૩) મીકેનીકલ રીપેરીંગ

(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ

(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ

(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦